વિશ્વવાણી

સમર્પણ

Rs. 10/- | Vol. 22 - Issue 6 | June 2021

ઘૂંટણ ઉપરની પ્રાર્થનાનું મહત્વ

JUNE 2021

વિશ્વવાણી સમર્પણ

પ્રકાશન કાર્યાલય :
૧-૧૦-૨૮/૨૪૭,આનંદપુરમ,કુશાયગુડા,
ઈ.સી.આઈ.એલ. પો.ઓ., હૈદરાબાદ-૨૭૧૨૫૫૫૭
ઈ-મેઈલ : samarpan@vishwavani.org

વહીવટી કાર્યાલય :
૨૦, રઘુલ સ્ટ્રીટ, ટી.એમ.પી. નગર,પુડુર,
અમ્બાતુર, ચૈન્નાઈ - ૬૦૦૦૫૩,૨૬૮૬૯૨૦૦
ઈ-મેઈલ : vishwavaninet@vishwavani.org

એમિલ અન્ન ના મનનના મુદ્દાઓ...

૧. જો પ્રાર્થનાની અવગણના કરવામાં આવશે તો એક, નાનુ કાર્ય પણ મોટા પહાડ જેવું લાગશે

૨. જો ઈશ્વરના સેવકો એમ કહે કે, પ્રાર્થના માટે સમય નથી તો તેઓની સેવા સ્વર્ગમાંથી નથી.

૩. ફરોશીઓની પ્રાર્થનાઓ લાંબી - લાંબી હતી; દાણીની પ્રાર્થના મૂલ્યવાન પ્રાર્થના હતી!

૪. ઈશ્વરની સાથે અંગતમાં પ્રાર્થના કર્યા વગર, તેમની સાથેનો અંગત સંબંધ શક્ય નથી!

૫. જીવનના યુધ્ધોનો સામનો કરવા માટેનો એક જ માર્ગ છે; વહેલી સવારે પ્રભુ ઈસુને પ્રાર્થનામાં મળવું.

૬. વિશ્વાસની પ્રાર્થના દ્વારા સર્વ બાબતો શક્ય છે કારણ, કે જે વિશ્વાસ કરે છે તેને માટે સર્વ શક્ય છે.

દર્શન : પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા દ્વારા ભારતનાં ગામોને આશીર્વાદિત બનતા જોવા

વિશ્વવાણી સેવાકાર્યનું આ મેગેઝીન
તમિલ,મલયાલમ,તેલુગુ,કન્નડ,મરાઠી,ગુજરાતી,
હિન્દી,ઓડિશા,બંગાળી,અંગ્રેજી,કોકબોરોક અને સૌરા
ભાષાઓમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.
વાર્ષિક લવાજમ રૂ . ૧૦૦/- છે.

અનુક્રમણિકા...

૨... મનનનાં મુદ્દાઓ
૩... એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તરફથી
૯... વિશેષ લેખ
૧૧... પ્રાર્થના
૭... નેટવર્ક ચેરમેન તરફથી
૧૨... પ્રેયર નેટવર્ક ડાયરેક્ટર તરફથી
૧૪... સેવાક્ષેત્ર સમાચાર

એકલા પ્રાર્થના કરો
કારણ કે તમે જે કાંઈ પ્રભુ
ઈસુને કહેવા માંગો છો
તે ફક્ત તેમને જ કહો!
થાક્યા વગર વધારે પ્રાર્થના
કરો
કારણ કે પ્રભુ ઈસુ તમને
ભરપૂર આશીર્વાદ આપવા
માંગે છે.
પુષ્કળ પ્રાર્થના કરો
અને પુષ્કળ પ્રાર્થના કરો!
દરરોજ પ્રાર્થના કરો!
જેમ તમે તમારા શરીરની
સંભાળ લો છો
તેવી જ રીતે
તમારા આત્માની પણ
દરરોજ સંભાળ લેવી
જોઈએ.
કે જેથી તમે પ્રભુ ઈસુની
સામે જુઓ!
તમારો આત્મા, પ્રાણ અને
શરીર આનંદ અનુભવશે!
તમારે શરમાવું પડશે નહિં!

એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તરફથી

ખ્રિસ્તમાં વહાલા ભાઈઓ અને બહેનો, સેવામાં સહભાગીઓ આપણા અજોડ ઉધ્ધારક પ્રભુ ઈસુના નામમાં પ્રેમી સલામ.

હું હૃદયના ઊંડાણથી ઈશ્વરપિતાની સ્તુતિ કરુ છું જેમણે આપણું રક્ષણ કર્યું છે અને સારી તદુંરસ્તી આપી છે. ઈશ્વરની ભલાઈનો હું શો બદલો આપું? હું તારણનો પ્યાલો લઈને પ્રભુને વિનંતી કરીશ.

ઘૂંટણ ઉપરની પ્રાર્થના માટે સાચો ઉદ્દેશ :

માણસોના ચરણે નમન કરવું તે સામાન્ય પ્રણાલિકા છે તેનો અર્થ થાય છે કે સમર્પણ કરવું અથવા સન્માન આપવું. ઊંચા અધિકારીઓ સામે નમન કરવું તે સંસ્કૃતિની રીત છે. પ્રાચીન દિવસોમાં રાજાઓને ઈશ્વર સમાન ગણવામાં આવતા હતા. લોકો તેમની મદદ મેળવવા માટે તેમની પૂજા કરતા હતા. હિબ્રૂ ભાષામાં 'સ્તુતિ' નો અર્થ છે ઘૂંટણે પડવું અને નમન કરવું.

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં જણાવ્યા અનુસાર ઈબ્રાહિમને મૂર્તિ પૂજા કરનાર લોકોમાંથી પંસદ કરીને અલગ કરવામાં આવ્યા હતા (ઉત્પત્તિ ૧૨:૧-૭, પુર્નનિયમ ૭: ૫-૬). ઈશ્વરના લોક તરીકે મસ્તક નમાવવું તે માત્ર સન્માન નથી પણ ઈશ્વરનું ભજન કરવાની એક રીત છે. (ઉત્પત્તિ ૧૭:૨,૨૪:૨૬-૪૧-૪૨,૪૩;૨કાળવૃત્તાંત ૬:૧૩, ગીતશાસ્ત્ર ૯૫:૧-૭, ૧૩૮:૨, દાનિયેલ ૬:૧૦) પ્રાચીન સમયમાં ઘણા ઉદાહરણો છે જેમાં લોકો માથુ નમાવીને ભજન કરતા હતા. લૂક ૨૨:૪૧,૪૨,પ્રભુ ઈસુએ ઈશ્વરપિતાને પ્રાર્થના કરી

પૃથ્વી ઉપર તમારી ઈચ્છા પૂર્ણ થાઓ.

જ્યારે આપણે સર્જનકર્તાની સમક્ષ આપણું સમર્પણ કરીએ છીએ અને દયા, સાજાપણાં માટે યાચના કરીએ છીએ, (માથ્થી ૧૭:૧૪-૧૮, માર્ક ૧:૪૦-૪૨) ત્યારે ઈશ્વર દયા કરીને આપણને મદદ કરે છે. ઈશ્વર જેવું કોઈ પવિત્ર નથી (૧ શમુએલ ૨:૨); ઈશ્વર સદાકાળ છે (પ્રકટીકરણ ૧:૧૮; ૪:૮-૧૧); પ્રભુ ઈસુ જલ્દીથી પાછા આવશે. પ્રકટીકરણ ૨૨:૨૦. વહાલાઓ, ઈશ્વરના બાળકો તરીકે આપણે ઈશ્વરને મળવા માટે થોભીએ.

પ્રાર્થના માટે યોગ્ય વલણ :

સર્જનકર્તા ઈશ્વર સાથે સમય વિતાવવો તે શાંત સમય છે. પ્રાર્થનામાં આપણે ઈશ્વર સાથે વાત કરીએ છીએ. જ્યારે પવિત્ર બાઈબલનું વાંચન કરીએ છીએ ત્યારે પ્રભુ આપણી સાથે વાત કરે છે.

વહેલી સવારમાં જ્યારે આપણું મન શાંત હોય છે તે સમય ઈશ્વર સાથે વાત કરવાનો ઉત્તમ સમય છે. (ગીતશાસ્ત્ર ૫:૩;૮૮:૧૩; ૧૧૯:૧૪૭,૧૪૮, યશાયા ૫૦:૪).

આપણાં દરરોજના શાંત સમયમાં આપણા આત્મિક જીવનની વૃદ્ધિ માટે પવિત્રશાસ્ત્ર વાંચવાની જરૂર છે, આપણે ઈશ્વરના વચનનું મનન કરવાની જરૂર છે. આપણે નમ્ર થવાની જરૂર છે. પાપની કબૂલાત કરવાની છે, પસ્તાવો કરવાનો છે; પાપોની ક્ષમા માટે આભાર માનવો અને ઈશ્વરની આરાધના કરવાની છે. (ગીતશાસ્ત્ર ૧૩૯:૨૩,૨૪; નહેમ્યા ૯:૨,૩; એઝરા ૯:૫-૧૫;ગીતશાસ્ત્ર ૫૧:૧-૧૦)

માથ્થી ૬:૯-૧૩ માં પ્રભુની પ્રાર્થના લખવામાં આવી છે પ્રથમ ત્રણ અરજ ઈશ્વર સંબંધી છે. તમારુ નામ... તમારુ રાજ્ય... તમારી ઈચ્છા ત્યાર પછીની ચાર વિનંતી આપણી શારીરિક જરૂરિયાત માટે છે. ખોરાક.. પાપની માફી.. પરિક્ષણ.. છૂટકારો આ ઉપરાંત આપણે સમાજ અને અન્ય લોકોની જરૂરિયાત સંબંધી પ્રાર્થના કરવી જોઈએ. (અયૂબ ૪૨:૧૦,ગલાતી ૬:૨, ૧ શમુએલ ૧૨:૨૩) આવો આપણે આપણું પ્રાર્થનામય જીવન સંતુલિત બનાવીએ.

તમે આશીર્વાદીત થાઓ :

ગીતશાસ્ત્ર ૪:૮માં જણાવ્યા અનુસાર ઈશ્વર આપણને સલામત રાખે છે. ગીતશાસ્ત્ર ૧૨૧માં ૬ વખત જણાવવામાં આવ્યું છે કે ઈશ્વર જોખમમાં રક્ષણ કરશે. યશાયા ૨૭:૩માં જણાવ્યું છે. હું યહોવા તેનો રક્ષક છું. પળેપળે હું તેને સિચું છું, રાતદિવસ હું તેનું રક્ષણ કરું છું. રખેને કોઈ તેને ઉપદ્રવ કરે. જેઓ કોરોના વાયરસની અસરમાં આવ્યા છે તેઓ માટે અને જેઓએ પોતાના વહાલાઓ ગુમાવ્યાં છે તેઓ માટે પ્રાર્થના કરવા આપણી જવાબદારી છે.

સરકાર દ્વારા કોરોના વાયરસથી બચાવ માટે લેવામાં આવેલા પગલાને પ્રભુ આશીર્વાદીત કરે. જ્યારે વિશ્વાસી અને સેવામાં સહાયક મિત્રોની બિમારી અને મૃત્યુનાં સમાચાર મળે છે ત્યારે અમને બહુ દુઃખ થાય છે. ઈશ્વર તેઓને વહાલા ગુમાવાને કારણે દિલાસો આપે અને

ભંગિત હૃદયમાંથી સાજાપણું આપે. યશાયા ૫૮:૮ માં જણાવવામાં આવ્યું છે કે "તારુ આરોગ્ય જલ્દી થશે." તેઓ ઝડપથી સાજાપણાનો અનુભવ કરે માર્ક ૫:૩૪, ગીતશાસ્ત્ર ૧૨૨:૭ માં જણાવ્યા પ્રમાણે તેઓ શાંતિ પ્રાપ્ત કરે અને દુઃખમાંથી છૂટકારો મળે.

જરૂરિયાતમંદ લોકો માટે તમારો હિસ્સો મોકલશો :

આપણે માત્ર સુવાર્તા પ્રગટ કરતા નથી પરંતુ સેવાક્ષેત્રમાં મહામારીને કારણે અસરગ્રસ્ત થયેલા વિશ્વાસીઓને મદદ પણ કરી રહ્યા છે. આજ સુધીમાં ૪,૨૧૭ પરિવારને લાભ મળ્યો છે. આપણા કોમ્યુનીટી, ડેવલોપમેન્ટ સેન્ટર દ્વારા આપણે શિક્ષણ, મેડિકલ મદદ, આર્થિક રીતે પછાત લોકોને ખોરાક પૂરો પાડવામાં આવે છે. જેઓ કોરોનાથી અસરગ્રસ્ત થયા છે તેઓને મદદ કરીએ છીએ. જો તમે મદદરૂપ બનવા માંગો છો તો અમારો સંપર્ક કરશો. પ્રભુ ઈસુએ શું કહ્યું છે તે યાદ કરો. શિષ્યને નામે જે કોઈ આ નાના માંના એકને માત્ર ઠંડા પાણીના પ્યાલો પીવાને આપે છે તે તેનું ફળ પામ્યા વિના રહેશે જ નહિ માથ્થી ૧૦:૪૨

જો ખ્રિસ્ત તમારા માટે મૃત્યુ પામ્યા છે તો તમે ખ્રિસ્ત માટે બલિદાન આપો છો તો તે કંઈ જ નથી, સી.ટી. સ્ટડ

ટ્રેનિંગ અને સેવાક્ષેત્રના સેવકો :

આ વર્ષના જાન્યુઆરી માસમાં નવા સેવકો માટે શરૂ થયેલી ટ્રેનિંગ પૂર્ણ થયેલી છે. ૧૯૨ સેવકોને સેવાક્ષેત્રમાં મોકલવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં ૨૫ અને ઓરિસ્સામાં ૨૧ સેવકોની ટ્રેનિંગ આ માસમાં પૂર્ણ થશે. ઉત્તર ભારતમાં ૫૦ નવા સેવકોનો પ્રતિકુળ સંજોગોને કારણે તાલિમ જૂન સુધી મુલતવી રાખવામાં આવી છે. મે ૧૫ ના રોજ ૫૦ મિશનરીઓનું અર્પણ કરવા માટે મિટીંગ રાખવામાં આવી હતી. તે મુલતવી રાખવામાં આવી છે.

ઈશ્વરની ઈચ્છા હશે તો ડિસેમ્બર ૨૦૨૧માં મિટીંગ રાખવામાં આવશે. જો પવિત્ર આત્મા તમને ગામ દત્તક લેવા માટે પ્રેરણા આપે છે તો તમે રૂ. ૩૦૦૦ માસિક દાન આપીને મદદરૂપ બની શકો છો. આવો, આપણે સાથે મળીને મિશનેરી કાર્યની જરૂરીયાત પૂર્ણ કરવામાં મદદરૂપ બનીએ.

પૂર્ણ સમયના સેવકો માટે સહાય:

જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ બનવા માટે અને કાળજી માટે તા ૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ પ્રાર્થના સહિત સોસાયટીની શરૂઆત કરવામાં આવી છે. સેવકોનાં ભવિષ્ય અને કલ્યાણને ધ્યાનમાં રાખીને નોંધણી કરવામાં આવી છે. ઈશ્વરની દોરવણીથી તા.૩-૩-૨૧ના રોજ બેન્ક ખાતુ અને સોસાયટી તરીકે સરકારી વિભાગમાં નોંધણી કરવામાં આવી છે. મિશનેરી પરિવારમાં બિમારી, અકસ્માત અને મૃત્યુના સમયે મદદરૂપ બનવા માટેનો હેતુ પૂર્ણ કરવા માટે પ્રયત્ન કરી રહ્યાં છે અમે વિનંતી કરીએ છીએ કે ખુશીથી મદદનો હાથ લંબાવશો.

આવો આપણે પ્રાર્થનામાં આંસુ વહેવળાવીએ:

અમને આપની આગ્રહભરી પ્રાર્થનાની જરૂર છે. તમારા વિસ્તારના સેવક અને પ્રતિનિધિનો સંપર્ક કરીને પ્રાર્થના વિનંતી મેળવી લેશો. આપણા દેશ માટે પ્રાર્થના કરીએ, ઈશ્વર આપને અને આપના હાથોના કાર્યને પુષ્કળ આશીર્વાદીત કરો.

"અમારા દેવ યહોવાની અમારા પર દયા થાય ત્યાં સુધી અમારી આંખો તેના ભણી તાકી રહે છે." ગીતશાસ્ત્ર (૧૨૩:૨)

ચેન્નાઈ,
૧૨-૫-૨૦૨૧

પ્રભુની સેવામાં,
ડબલ્યુ વિલ્સન જ્ઞાનકુમાર

સેવાક્ષેત્રમાં રહેનારા વિશ્વાસીઓએ આરાધના કેન્દ્ર ઊભું કર્યું

પ્રભુનો તથા તેમના શુધ્ધ કરનાર સામર્થ્યનો અનુભવ કરનાર લોકો પ્રભુની આરાધના કરીને તેમને મહિમા આપે છે. તેઓએ પોતાની હંગામી ધોરણે આરાધના કરવા માટેના છાપરાં બાંધે છે. આસામના નિઓગાંવ સેવાક્ષેત્રના મિશીંગ લોકજૂથે

Neogaon, Assam

Durgapur, Tripura

તા.૦૭-૦૩-૨૧ ના રોજ એક હંગામી શેડની સમર્પણવિધિનું આયોજન કર્યું હતું. ત્રિપુરાના દુર્ગાપુર સેવાક્ષેત્રના રીયાંગ લોકજૂથે તા.૧૪-૦૪-૨૦૨૧ ના રોજ એક હંગામી શેડની સમર્પણ વિધિનું આયોજન કર્યું હતું. સમર્પણવિધિ પછીથી વિશ્વાસ કબૂલાતની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભુને શોધનારા લોકો આનંદ કરો! -આશાનંદ લીમા

Donate Online
Bank : State Bank of India A/C Name : VISHWA VANI
A/C : 38770638909 IFC Code : SBIN0002661
Branch : Khokhra Mehmedabad (Ahmedabad)

નેટવર્ક ચેરમેન તરફથી

ખ્રિસ્તમાં વહાલા ભાઈઓ અનો બહેનો,સુવાર્તાના કાર્યને પ્રાર્થના અને દાનો દ્વારા મદદ કરનાર દરેકને આપણા ઈશ્વરપિતા અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી કૃપા તથા શાંતિ થાઓ.

પ્રેરિત પાઉલ કરિંથીઓને જણાવે છે કે બધુ શોભતી રીતે તથા વ્યવસ્થાપૂર્વક કરવામાં આવે (૧ કરિંથીઓ ૧૪:૪૦)

કોઈ પણ કાર્ય, મંડળી અથવા સંસ્થા શિસ્ત અને ઉચ્ચ ધોરણ વગર વૃદ્ધિ પામી શકતું નથી. શિસ્ત વગરનું કોઈ પણ કાર્ય અવિકસિત અને નાજુક છોડ સમાન છે. જીવનમાં કોઈ પ્રગતિ થતી નથી તેનું કારણ અશિસ્ત છે. ઈશ્વરે આપણને શિસ્ત અને વ્યવસ્થાના જીવન માટે બોલાવ્યા છે તેથી આપણે ઈશ્વરની સમક્ષ થોભીએ, આત્મપરિક્ષા કરીએ અને બિનજરૂરી બાબત દૂર કરીએ. લોકડાઉનનો સમય આપણા શુધ્ધીકરણ અને લક્ષ્ય તરફ વધવાની તૈયારી માટે આપવામાં આવ્યો છે.

વિશ્વવાણી સેવાની વૃદ્ધિ સહભાગીઓની શિસ્ત અને ઉચ્ચ ધોરણને કારણે છે. એમીલ અન્નન સ્ટાફ મિટીંગમાં હંમેશા ૩ એસ સંબંધી જણાવતા હતા.

S-System પધ્ધતિ, S-Standard ધોરણ, S-Supervision નિરીક્ષણ

અમે હંમેશા ત્રણ એસને અનુસરણ કરીએ છીએ. પ્રથમ System - પધ્ધતિનો એસ છે. કોઈ પણ કાર્ય આપણે પધ્ધતિ મુજબ કરવું જોઈએ.

આપણી સેવાની વૃદ્ધિનું કારણ પ્રાર્થના જૂથોનું સમર્પણ છે. માત્ર પ્રાર્થના દ્વારા આપણે અઘરી પરિસ્થિતિ ઉપર વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણા દરેક પ્રાર્થના જૂથો સંપૂર્ણ રીતે કાર્યરત હોવા જોઈએ.

એક લાખ ગામોમાં સુવાર્તા સાથે પહોંચવા માટે એક લાખ પ્રાર્થના જૂથોની જરૂર છે. આ પ્રાર્થના જૂથો ઓછામાં ઓછુ સપ્તાહમાં એક વખત સેવાક્ષેત્ર અને દેશના લોકો માટે પ્રાર્થના માટે એકત્ર થવા જોઈએ. પ્રાર્થના જૂથોના આગેવાને પ્રાર્થના યોદ્ધાઓને ચોક્કસ સમયે સેવાક્ષેત્રના પ્રાર્થનાના મુદ્દા ઉપર પ્રાર્થનામાં દોરવા જોઈએ. જો તમે પ્રાર્થનામાં જોડાવા માંગો છો તો તમે વિશ્વવાણી પ્રતિનિધિઓનો સંપર્ક કરશો. સેવાક્ષેત્ર અને દેશ આશીર્વાદિત બનવા જોઈએ. ઈશ્વર આપને અને આપના પરિવારને આશીર્વાદિત કરે.

અમને સેવાકાર્યની વૃદ્ધિ માટે હજારો પ્રતિનિધિની જરૂર છે. હાલમાં જેઓ પ્રતિનિધિ તરીકે સેવા આપી રહ્યા છે તેઓ માટે હું ઈશ્વરનો આભાર માનુ છું.

સેવાક્ષેત્રમાં ઝડપથી સેવાકાર્યની વૃદ્ધિ માટે આપના મદદના હાથની જરૂર છે. જો તમે પ્રતિનિધિ તરીકે સેવા આપવા માંગો છો તો અમારો સંપર્ક કરશો. તમારી પ્રાર્થનાથી દેશ આશીર્વાદિત બનશે.

વર્તમાન મહામારીના સમયમાં પ્રમોશનલ સ્ટાફ, પ્રાર્થના જૂથોના આગેવાન, દાનપેટીના ધારકો અને મદદરૂપ બનનાર વચ્ચે પ્રાર્થના સહિત યોગ્ય સંદેશ - વ્યવહાર અથવા માહિતીની આપ લે થવી જોઈએ. આપણે એકબીજા માટે પ્રાર્થના અને મદદ કરવી જોઈએ. જો મિટીંગ યોજવાની મંજૂરી નથી તો પ્રમોશનલ સ્ટાફ, એરિયા કોઓર્ડિનેટર ની મિટીંગ ગુગલ, ઝૂમ દ્વારા થવી જોઈએ. સેવાકાર્યને મદદરૂપ બનવા માટે સંગતનું આયોજન આધુનિક ટેકનોલોજી દ્વારા થવું જોઈએ.

આપણે ઉચ્ચ ધોરણને અપનાવું જોઈએ કારણ કે આપણે ઈશ્વરનું કાર્ય કરી રહ્યા છે. આપણે પવિત્ર બાઈબલમાં જણાવેલા ધોરણને અનુસરવું જોઈએ.

પ્રેરિત પાઉલ તિમોથીને પત્ર લખતા જણાવે છે કે જો કોઈ માણસ અધ્યક્ષપદની ઈચ્છા રાખે છે તો તે ઉમદા કામની ઈચ્છા રાખે છે. નિરિક્ષણનું કાર્ય મહત્વનું છે. સેવાકાર્યના દરેક સ્તરે નિરિક્ષણની જરૂર છે. મિશનરી સેવાકાર્ય માટે પણ નિરિક્ષણની જરૂર છે.

આપણા જીવનમાં પ્રગતિ માટે અને આપણા જીવન દ્વારા

ઈશ્વરને મહિમા મળે માટે ઉચ્ચ ધોરણ અને નિરિક્ષણ સાથે પધ્ધતિસરનું આપણું જીવન હોવુ જોઈએ.

આપણે સમય અને ઉચ્ચ ધોરણની જાળવણી માટે આપણને દેખરેખ રાખવાની જરૂર છે.

ઈશ્વરના રાજ્યને માટે આત્મપરિક્ષા અને નવા નિર્ણય લેવા ઈશ્વર આપણને મદદ કરે.

આપણા દેશના ગામો શાંતિ, તંદુરસ્તી, સુખાકારી, પ્રેમ અને એકતા ઈશ્વરની કૃપા થકી પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના

ઈશ્વર તમારું રક્ષણ કરો અને તમારા ઉપર ઈશ્વરની કૃપા થાઓ.

હૈદરાબાદ,
૧૫-૫-૨૦૨૧

ઈશ્વરની સેવામાં,
પી. સેલ્વરાજભાઈ

ઉત્તર પૂર્વીય રાજ્યોમાં સેવાઓ વૃદ્ધિ પામી રહી છે

તા. ૧૮.૪.૨૦૨૧ ના રોજ મણિપુરના લીતાન તાલીમ કેન્દ્ર ખાતે સમર્પણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૦ સેવકોને,પૂર્ણ સમય માટે સેવાકાર્ય માટે સમર્પણ કરવામાં આવ્યા એ જ પ્રમાણે તા.૩૦.૪.૨૦૨૧ ના રોજ હિમાલયના માટીગરા તાલીમ કેન્દ્ર ખાતે ૧૫ નવા સેવકોનું સમર્પણ કરવામાં આવ્યુ જેમણે તાલીમ કેન્દ્રમાં રહીને ૩ મહિનાની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે અને સેવાક્ષેત્રોમાં સેવા કાર્ય માટે જોડાયા છે. ફસલના ધણીની સ્તુતિ થાઓ.

LITAN Training Center, Manipur

Matigara Training Center, The Himalayas

ઘૂંટણો ઉપર પડવાનું મહત્વ

પ્રાર્થના શું છે?

માણસ પોતાના સર્જનહાર ઈશ્વરનું પોતાના પૂરા હૃદય, આત્મા, મન અને શરીરથી સ્તુતિ કરે. ઈશ્વરની સ્તુતિ કરવી, આધીન થવું, તેમની તરફ જોવું, તેમની સાથે વાર્તાલાપ કરવો તે ઈશ્વરની સાથેનો ગાઢ સંબંધ ચૂચવે છે!

આવી પ્રાર્થનાનો સમય અમુક સમય પૂરતો નથી, તે કોઈ શારીરિક લાગણી પુરતો મર્યાદિત રહેતો નથી અને તે દુનિયા સમક્ષ બૂમો પાડવાથી વધારે છે.

પ્રાર્થનાનો સમય એ આ પાપી દુનિયામાં સ્વર્ગનો અનુભવ કરવા સમાન છે.

હાન્ના એટલે કૃપા. પરંતુ તેણે પોતાના કૌટુંબિક જીવનમાં એ કૃપાનો અનુભવ કર્યો ન હતો. આંતરિક વ્યથા; બહારથી મહેણાં, તેણે શું કર્યું તેણે પ્રાર્થના કરી! કેવા પ્રકારની પ્રાર્થના?

''જો તમે મને આશીર્વાદ નહિં આપો તો હું તમને જવા દઈશ નહિં!''આ પ્રાર્થના તો એ વ્યક્તિની હતી જેના નામનો અર્થ 'છેતરનાર' થાય છે તેણે કરી, જેની પ્રાર્થના સાંભળવામાં આવી!

મધ્યરાત્રીએ તેના મિત્રને ત્યાં જઈને બારણું ખટખટાવ્યું અને 'ત્રણ રોટલીની માંગણી કરી', તેની વિનંતી માન્ય રાખવામાં આવી.

આ બધી જ પ્રાર્થનાઓ વ્યક્તિગત પ્રાર્થનાઓ હતી અને તે સર્વ ઈશ્વરપિતાની સમક્ષ પોતાનું હૃદય રેડી દઈને કરવામાં આવેલી પ્રાર્થનાઓ હતી. સતત પ્રાર્થનામાં તમારું હૃદય ઈશ્વરપિતાની સમક્ષ રેડી દો.

માંગો અને તમને આપવામાં આવશે;શોધો અને તમને જડશે! આ કલમનો સાચો અર્થ છે; માંગ્યા કરો, ખટખટાવ્યા કરો, શોધ્યા કરો.

હાન્નાને દયા મળી. તેણે તે કૃપા ઈશ્વરપિતાને પાછી આપી. તેનો પુત્ર નિર્દોષ ન્યાયાધીશ અને પ્રબોધક હતો!

તેની પ્રાર્થનાએ આ કાર્ય કર્યું!

હાન્નાની માફક જૂના કરારમાં ૮૫ લોકોએ વ્યક્તિગત રીતે પ્રાર્થના કરી અને તેમની પ્રાર્થના મુજબ તેમણે માંગ્યુ.

આજે, જેઓ પ્રાર્થનામાં આક્રંદ કરે છે, નિસાસા નાખે છે, અને વ્યક્તિગત રીતે પ્રભુ સમક્ષ પોકારે છે તેઓને આપવામાં આવશે.

કોના નામમાં તમારે પ્રાર્થના કરવી જોઈએ?

માણસને અનંતકાલીન ઈશ્વરપિતાના નામમાં પ્રાર્થના કરવા કહેવામાં આવ્યું છે; કે જેની પ્રાર્થનાનો જવાબ આપશે.

અનંતકાલીન ઈશ્વરપિતા કોણ છે?

દાનિયેલ ૭:૯-૧૦ શું જણાવે છે?
એક વયોવૃદ્ધ પુરુષ બિરાજમાન થયો, તેનો પોશાક બરફના જેવો શ્વેત, ને તેના માથાના વાળ ચોખ્ખા ઉનના જેવા હતા, તેનું રાજ્યસન અગ્નિની જ્વાળારૂપ હતું. "અગ્નિની જ્વાળા તેની આગળથી નીકળીને ધસી જતી હતી હજારો હજાર તેની સેવા કરતા હતા"
જે માણસ નકામી ધૂળ સમાન છે તેમને ઈશ્વર ને કે જે એવા પ્રકાશમાં રહે છે કે જેમને જોઈ શકાતા નથી; તેમને માણસ કેમ શોધે છે?
જેઓ અંધકારમાં હતા તેઓને અજવાળુ મળ્યું છે. અજવાળુ શું કહે છે? તે કહે છે હું "અજવાળુ છું." જો તમે અજવાળામાં રહેશો તો તમે અનંતકાલીન ઈશ્વરના અજવાળામાં રહેશો. તે અજવાળાનો સ્વીકાર કરનાર પ્રત્યેક વ્યક્તિ પામે છે. એ અજવાળુ - પ્રકાશ બીજું કોઈ નહિં પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે.
દાનિયેલ ૭:૧૩ શું જણાવે છે?
" આકાશના મેઘો સાથે મનુષ્યપુત્રના જેવો એક પુરુષ પેલા વયોવૃદ્ધ પુરુષની પાસે આવ્યો, ને તેઓ તેની નજીક આવ્યા."
એ માનવપુત્ર મારા તારનાર છે. તે દરેક વ્યક્તિના તારનાર છે અને તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. તેમણે કહ્યું છે, "મારા નામમાં જે કાંઈ તમે માંગો તે તમને આપવામાં આવશે."
મેં એવુ કશું ન માગ્યું કે જો હું જેને સ્પર્શ કરું તે સોનું થઈ જાય કારણ સ્વર્ગમાં સોનાની કંઈ કિંમત નથી.
એ બે વ્યક્તિઓની માફક પણ નહિં કે જેમણે ડાબી અને જમણી બાજુ બેસવાને ચાહ્યું; કારણ કે જેઓ સત્તા માટે આવી ઝંખના રાખે છે તેઓને માટે ત્યાં જગ્યા નથી!
પ્રાર્થના તો એ છે, કે જે મને પ્રભુની ઈચ્છા મુજબ કરતા શીખવે છે, જે કોઈ ઈશ્વરપિતાની ઈચ્છા મુજબ કરશે તે ખરેખર સ્વર્ગમાં પ્રવેશ પામશે.
પ્રભુની ઈચ્છા શું છે?
ઈશ્વરની એ ઈચ્છા છે કે છેલ્લામાં છેલ્લી વ્યક્તિનો પણ નાશ ન થાય.
ત્યારે ઈશ્વરની ઈચ્છા શું છે?
"સઘળા માણસો તારણ પામે, ને તેમને સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય એવી તેની ઈચ્છા છે." (૧ તિમોથી ૨:૪). ઈશ્વરની ઈચ્છા એવી છે કે કોઈનો પણ નાશ ન થાય. ઈશ્વરની ઈચ્છા છે કે પ્રત્યેક વ્યક્તિ તારણ પામે.
આવી મહાન ઈચ્છાને પૂર્ણ કરવાને માટે વ્યક્તિ પ્રભુ ઈસુના નામમાં પ્રાર્થના કરવાનું શરૂ કરશે. વહેલી સવારે ઉઠતા શીખો. એકાંત સ્થળે જાઓ અને તમારું હૃદય ઈશ્વરપિતાની સમક્ષ પ્રાર્થનામાં રેડી દો.
પરાક્રમથી નહિં, નાણાં કે મોભાથી નહિં, કે તમારી આજુબાજુ ભેગા થતાં ભક્તોના ટોળાથી પણ નહિં. તમારું સામર્થ્ય ફક્ત તમારા ઘૂંટણો ઉપર જ છે!
શાઉલ તેના ખોવાઈ ગએલા ગધેડા ન મળતા દિલગિરી અનુભવતો હતો. ત્યારે પ્રબોધક શમૂએલે તેને શું કહ્યું? ગધેડાઓ માટે ચિંતા કરીશ નહિં; તે મળી ગયા છે. ઈસ્ત્રાએલ માટે

ચિંતા કર!
દુકાળને લીધે માણસો તરસે મરી રહ્યા છે! જમીનમાં ઘણાં ઉંડે જવા છતાં પાણીનું બુંદ પણ મળતું નથી. ત્યાં જીવતું પાણી નથી.
જેણે કહ્યું, "મને તરસ લાગી છે", તે કહેનાર જ લોકોની તૃષા છીપાવી શકે છે તેમની તૃષા પાણી માટેની ન હતી પરંતુ માણસોની તૃષાને માટે હતી, કે જેઓ આત્મિક પાણી માટે દુનિયામાં અહીં-તંહી જતા જોવા મળે છે!
હા, જેઓ એમ કહે છે કે; તમારા જીવનની તૃષાને પ્રભુ ઈસુ તૃપ્ત કરશે, તો આ માટે તમે તમારા હૃદયમાં નક્કી કરો!
આપણી સેવા દ્વારા ભારતમાં દર અઠવાડિએ એક મંડળી સ્થાપવામાં આવી છે. આવા નવા વિશ્વાસીઓ માટે ઓછામાં ઓછું અઠવાડિયામાં એક વાર હું તેઓને માટે પ્રાર્થના કરીશ. હું બીજા વિશ્વાસીઓને ભેગા કરીને પણ તેઓને માટે પ્રાર્થના કરીશ!
" ઓ ઈબ્રાહિમ, હું સદોમ અને ગમોરાના નગરોનો નાશ કરવાનો છું! તેઓના પાપ આકાશ સુધી ઉંચે ચઢયા છે, માટે હું તેઓનો વિનાશ કરીશ."ઈશ્વરે પોતાનું પ્રકટીકરણ ઈબ્રાહિમ સમક્ષ જાહેર કર્યું.
પરંતુ ઈબ્રાહિમે એવું ન કહ્યું કે; "હા પ્રભુ કૃપા કરીને તેમ કરો; તેઓ ભ્રષ્ટ લોકો છે; અરે લોત પણ જે મારા દ્વારા ધનવાન થયો તે પણ આભાર માન્યા વગર ઝઘડીને ત્યાં ચાલ્યો ગયો છે, માટે તેમનો નાશ કરો."
આને બદલે ,ઈબ્રાહિમે કહ્યું, " પ્રભુ સદોમમાં જો થોડા પણ ન્યાયી લોકો હોય કે જેઓ પ્રાર્થના કરતા હશે, ગમોરાહમાં દશ પણ ન્યાયી લોકો એક જૂથ તરીકે સાથે મળીને ત્યાંના લોકોના બચાવને માટે પ્રાર્થના કરતા હશે તો શું તમે રાહ નહિં જુઓ?" ઈબ્રાહિમ ઈશ્વરપિતાની સમક્ષ આ પ્રમાણે વિનંતી ગુજારે છે!
આ કોઈ મોટી પ્રાર્થના નથી, પરંતુ આ મૂલ્યવાન પ્રાર્થના છે કારણ કે આવી પ્રાર્થના કરતા માણસો દુનિયામાં ખુબ જ ઓછા જોવા મળે છે.
પ્રભુ આવા લોકોને શોધી રહ્યા છે!
મારા વહાલા ભાઈ અને બહેન, આ વર્તમાન સમયમાં જો તમે આપણા દેશને માટે નિસાસા નાંખીને પ્રાર્થના કરતા હોય તો તે વ્યર્થ જનાર નથી! આ ઉપરાંત વિનાશી સત્તા તમને કશુ જ નુકશાન કરી શકે તેમ નથી! ■

પ્રાર્થના

એક છેડાથી
બીજા છેડા સુધી,
એક સમુદ્રથી બીજા સમુદ્ર સુધી,
જે આત્મા શાંતિ વગર
ભટક્યા કરે છે,
અમારી આંખો
આવા લોકોને જુઓ!
જેમ હાન્નાએ
શમૂએલને ઉછેર્યો,
જેમ નહેમ્યાએ દિવાલ ઊભી કરી,
તેમ અમારા ઘૂંટણો પ્રાર્થનામાં વળો.
જ્યારે ઉડાઉ દિકરો
ઘરે પાછો ફર્યો
ત્યારે તેના પિતાજી ચોંકી ઊટ્યા!
જ્યારે એક પાપી મારી પ્રાર્થનાને લીધે
પસ્તાવો કરે છે
તો સ્વર્ગમાં આનંદ થાય છે
તેવું પ્રભુ તમે બનવા દો!
પ્રભુ ઈસુના નામમાં આમેન.

આવો, ઘૂંટણિયે નમીએ

રેવ. એસ ઈમાનુએલ જ્ઞાનરાજ, પ્રેયર નેટવર્ક ચેરમેન

"આવો, તેને ભજીએ તથા નમીએ; આપણા કર્તા યહોવાની આગળ ઘૂંટણિએ પડીએ." (ગીતશાસ્ત્ર ૯૫:૭) ઘૂંટણિયે પ્રાર્થના કરવાથી સુવાર્તા પ્રચારને માટે જ્યાં પહોંચી શકાતું નથી ત્યાં પહોંચી શકાય છે. જે વસ્તુ નાણાંથી ખરીદી શકાય તેમ ન હોય તે પ્રાર્થના દ્વારા પ્રાપ્ત થાય છે. તાલંત દ્વારા જે પ્રાપ્ત કરી શકાતું નથી તે પ્રાર્થનાથી પ્રાપ્ત થઈ શકે છે. ગીતકર્તા આ વચનની મારફતે આપણને ઘૂંટણિયે નમીને પ્રાર્થના માટે ઉત્તેજન આપે છે. કારણ કે ઘૂંટણિયે નમીને જ્યારે આપણે પ્રાર્થના કરીએ છે. ત્યારે શેતાન ધ્રુજે છે. આપણે જ્યારે પ્રાર્થનાના આહવાન ને સ્વીકારીને પ્રાર્થના પરાયણ જીવન જીવીએ છીએ. ત્યારે આપણે શેતાનનો સામનો કરતા તેને પડકારી રહ્યા છે. એટલું જ નહિ ચમત્કારો પણ થશે અને આપણે તે સંબંધી સાક્ષીરૂપ બનીશું.

૧ કોની આગળ આપણે પહેલા નમી જતા હતા?

માણસની આગળ જેઓ નમે છે તેઓ શરમાશે, ભય પામશે અને સ્વાર્થી બનશે ખ્રિસ્તને ન ઓળખવાને કારણે તેઓ ખ્રિસ્ત આગળ નમતા નથી. હંમેશા તેઓ અસ્થિર હોય છે. દ્રવ્ય, હોદ્દો અને સલામતી મેળવવા તેઓ માણસ આગળ નમે છે. આવા પ્રકારના લોકો લાચાર હોય છે. કેટલાક સંપ્રદાયના લોકો શેતાનની ભક્તિ કરવી તેમના માટે અભિમાન કરવાનું કારણ બને છે. શેતાન મનુષ્યને પોતાની તરફ આકર્ષવા ઘણી યુક્તિઓ અજમાવે છે. જેમ કે ગૌણ વસ્તુઓની લાલચ આપી તેઓને નાશ તરફ લઈ જાય છે. અણસમજુ માણસો જ તેની આગળ નમે છે.

માથ્થી ૪ અધ્યાયમાં આપણે વાંચીએ છે કે જ્યાં શેતાન દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પરિક્ષણ કરવામાં આવે છે. શેતાનનું પ્રથમ પરિક્ષણ પ્રભુ ઈસુ ખ્રિસ્તની શારીરિક જરૂરિયાત સંબંધી નું હતુ ઈસુ ખ્રિસ્તની ભૂખ સંતોષવા માટે ટૂંકો માર્ગ અપનાવવાની સલાહ આપે છે. બીજું પરિક્ષણ પોતાનો આદર મેળવવા દ્વારા પોતાની ખ્યાતિ અને સ્વાભિમાન કરવા સંબંધી હતુ. ત્રીજા પરિક્ષણ સમયે પરિક્ષણ કરનાર શેતાન તેમને ઘણાં ઊંચા પહાડ પર લઈ જાય છે ને જગતનાં સઘળા રાજ્ય તથા તેઓનો મહિમા દેખાડે છે, અને તેમને કહે છે જો, તું પગે પડીને મારું ભજન કરે તો આ સઘળા હું તને આપીશ. જો એવું જ હોય તો આપણે કોની આગળ પહેલા નમવું જોઈએ?

ગીતકર્તા સ્પષ્ટ જણાવે છે કે "આવો, તેને ભજીએ તથા નમીએ; આપણા કર્તા યહોવાની આગળ ઘૂંટણિયે પડીએ." ગીતશાસ્ત્ર ૯૫:૬ આપણી શારીરિક જરૂરિયાતો માટે, હોદ્દા અને પોતાના સંતોષની ખાતર ઈશ્વરને ભજવાનું નથી પરંતુ તે આપણાં ઉત્પનકર્તા છે માટે તેમનું ભજન કરવાનું છે.

૨ શા માટે આપણે ઈશ્વરની આગળ નમવું જોઈએ?

અ. તે પરાક્રમી છે :

માણસ પોતાની જરૂરિયાતની પરિપૂર્ણતાને માટે માણસની આગળ નમે છે. તેઓ અજ્ઞાનતાના કારણે જે જૂઠાનો બાપ છે તેની આગળ તેઓ નમે છે. જૂઠ્ઠુ બોલીને હવાને છેતરી હતી અને હવા શેતાનને આધીન થઈ હતી.શા માટે આપણે ઈશ્વરની આગળ નમવું જોઈએ?

કારણ કે, તે આપણાં કર્તા છે, તે આપણા પ્રભુ છે, અને આપણે તેના ચારાના લોક તથા તેના હાથનાં ઘેટા છીએ. અને ઈશ્વર કેટલા મહાન છે જો આ બાબતને આપણે સમજીએ છે તો ઈશ્વરની આગળ નમવું કેટલું મહત્વનું છે તે આપણે જાણી શકીશું ગીતકર્તા વચન ૩ થી ૫ માં ઈશ્વરની મહાનતા વિષે વર્ણન કરતા જણાવે છે કે શા માટે આપણે ઈશ્વરની આગળ નમવું જોઈએ.

"કેમ કે યહોવા મોટો દેવ છે, તે સર્વ દેવો પર મોટો રાજા છે તેના હાથમાં પૃથ્વીના ઊંડાણો છે; પર્વતોના શિખરો પણ તેના છે, સમુદ્ર તેના છે, તેણે તે બનાવ્યો; અને તેના હાથોએ કોરી ભૂમિ રચી."

અયૂબ ૩૮:૧૧ વચનમાં અયૂબ ઈશ્વરની મહાનતા સંબંધી જણાવતા કહે છે "તારે અહીં સુધી જ આવવું,

પણ એથી આગળ વધવું નહિં'' આ ઈશ્વર છે જે સમુદ્રની હદ ઠરાવી આપે છે. પૃથ્વીની હદ પણ તેણે ઠરાવી આપી છે. ઈશ્વરની આ મહાનતા આપણને તેની આગળ નમાવે છે.

બ. તે માફ કરવામાં કૃપાળુ છે :

આપણે પાપી હોવા છતાં તેની કૃપા સદાકાળ ટકનાર હોવાથી શિક્ષા વગર માફી આપવામાં આવે છે. માટે આપણે તેની આગળ નમવું જોઈએ. વચન આ પ્રમાણે જણાવે છે કે, ''પુત્ર ને ચુંબન કરો, રખેને તેને રોષ ચઢે, અને તમે રસ્તામાં નાશ પામો, કેમકે તેનો કોપ જલ્દી સળગી ઊઠશે.'' આપણાં પાપોને સારું ઈશ્વરે પોતાના એકાકીજનિત દીકરાને કાલવરી પર બલિદાન માટે અર્પી દીધો. જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે.

ક. તે મદદ કરવામાં દયાળુ છે :

હિબ્રુ ૪:૧૬ બાઈબલ જણાવે છે, ''એ માટે દયા પામવાને, તથા અગત્યને પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી કૃપાસનની પાસે આવીએ.'' ગીતશાસ્ત્ર ૧૨૧:૧,૨ વચનના ગીતકર્તા જણાવે છે ''હું પર્વતો તરફ મારી આંખો ઊંચી કરીશ; મને ક્યાંથી સહાય મળે? જે યહોવાએ આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા છે તેની તરફથી મને સહાય મળે છે.'' ''સંકટને સમયે મને વિનંતી કર; હું તને છોડાવીશ, અને તું મારો મહિમા પ્રગટ કરશે.'' ગીતશાસ્ત્ર ૫૦:૧૫ અદ્‌ભુત અને પરાક્રમી કામ કરનાર એ ઈશ્વરની આગળ નમવું તે સારુ છે.મને હાંક માર, એટલે હું તને ઉત્તર આપીશ, ને જે મોટી તથા ગૂઢ વાતો તું જાણતો નથી તે હું તને પ્રગટ કરીશ.

૩. ઈશ્વર આગળ જ્યારે નમીએ છીએ ત્યારે શું થાય છે?

પ્રથમ, આપણને માફ કરવામાં આવે છે. આપણો અંગીકાર કરવામાં આવે છે, અને તેના(ઈશ્વરના) બાળકો તરીકેનો અધિકાર પ્રાપ્ત થાય છે. યોહાન ૧:૧૨ બીજુ, પ્રાર્થના આપણને વિજયવંત અને પવિત્ર જીવન જીવવા તરફ દોરી જાય છે. પાપ અને શેતાન પર વિજયવંત બનવા હિબ્રુ ૫:૭ જણાવે છે. ''તેના દેહધારીપણાના સમયમાં તેને મરણથી છોડાવવાને જે શક્તિમાન હતો, તેની પાસે તેણે મોટે ઘાંટે તથા આંસુસહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા, અને તેણે દેવનો ડર રાખ્યો માટે તેની પ્રાર્થના સાંભળવામાં આવી અને તે પુત્ર હતો, તે છતાં પણ પોતે જે જે સંકટો સહન કર્યા તેથી તે આજ્ઞાપાલન શીખ્યો.'' વિજયવંત જીવનનું રહસ્ય પ્રાર્થના છે. સર્વ રોગો અને શેતાનના બંધનથી આપણને પ્રાર્થના છૂટકારો આપે છે. આવો, વિજયવંત જીવન પામવા આપણે ઈશ્વર સમક્ષ પ્રાર્થનામાં નમીએ.

૪ ઈશ્વર સમક્ષ પ્રાર્થનામાં ઘૂંટણિયે પડનાર લોકોની યાદી

યહોવાના મંદિરના સમર્પણ દરમિયાન મહાન સુલેમાન રાજા ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરે છે. (૧ રાજાઓ ૮:૫૪, ૨ કાળવૃત્તાંત ૬:૧૩) એલિયા પ્રબોધકે વરસાદ માટે ઘૂંટણિયે નમી પ્રાર્થના કરી અને વરસાદ વરસ્યો. (૧ રાજાઓ ૧૮:૪૨) પોતાના લોકોની માફીને માટે એઝરા ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરે છે. (એઝરા ૯:૫) રાજા દ્વારા મનાઈ હુકમ ફરમાન જારી કરવામાં આવ્યું હોવા છતાં દાનિયેલ દિવસમાં ત્રણવાર ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરતો હતો. (દાનિયેલ ૬:૧૦) એક જુવાન અનંતજીવનનો વારસો પામવા ઈશ્વરની આગળ ઘૂંટણિયે નમે છે. (માર્ક ૧૦:૧૭) એક રક્તપિત્તીઓ માણસ પોતે શુધ્ધ થાય માટે પ્રભુ ઈસુની આગળ નમી પડે છે. (લૂક ૫:૧૨) શિષ્યોની સાથે પિતર ઘૂંટણે પડીને પ્રાર્થના કરે છે. (પ્રેરિતોના કૃત્યો ૯:૪૦) પ્રાર્થના ફક્ત વિજય જ નથી આપતી પણ અભિમાન ન કરવાની ચેતવણી પણ આપે છે. યશાયા ૪૫:૨૩ વચનની ખાત્રીને આધારે પાઉલ પોતે આ પ્રમાણે જણાવે છે. ''મારી આગળ સર્વ લોકો ઘૂંટણે પડશે, ને સર્વ જીભ સમ ખાશે.'' ફિલિપી ૨:૧૦,૧૧ ''આકાશમાંના, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેના સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે; અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.''જેમ મરીબાહમાં અને જેમ અરણ્યમાં માસ્સાહને દિવસે તમારા પિતૃઓએ મારી પરીક્ષા કરી, તેમ તમે તમારા હૃદયોને કઠણ ન કરો (ગી.શા ૯૫:૮) આવો ઈશ્વર સમક્ષ આપણે નમ્ર થઈએ.

સેવાક્ષેત્ર સમાચાર

તે માટે યહોવા તમારા પર દયા કરવાની વાટ જોશે, ને તમારા પર રહેમ કરવા સારુ તે ઉચ્ચસ્થાને બેસશે; કેમકે યહોવા ન્યાયીઓનો દેવ છે; જેઓ તેની વાટ જુએ છે, તેઓ સર્વને ધન્ય છે. યશાયા ૩૦:૧૮

સ્તુતિ અને પ્રાર્થના

૧ જમ્મુ કાશ્મીર — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૨૯૮

કાગોર ગામના લેખરાજને પ્રભુએ વિશ્વાસીઓની સંગતમાં જોડાવવા કૃપા આપી, રોબિનને વાઈની બિમારીથી સાજાપણું આપ્યું. થેનોદી સેવાક્ષેત્રમાં પ્રભુમંદિરને માટે જમીન ખરીદવાની તૈયારીઓ ચાલી રહી છે. પ્લાસા અને કથળતી ક્ષેત્રોમાંથી પ્રભુએ અંધકારની શક્તિઓને દૂર કરી છે પ્રભુની સ્તુતિ થાઓ.

સેવક અમરચાંદ દ્વારા ચલાવવામાં આવતી આરાધના સંગતને માટે યોગ્ય જગ્યા મળી રહે માટે પ્રાર્થના કરશો. ચૈકી ખાતે પ્રભુમંદિરના બાંધકામનો વિરોધ કરી રહેલા લોકોના જીવનમાં પ્રભુનું કાર્ય થાય. પોતાના નવા વિશ્વાસની કબૂલાત કરનાર ૯ વ્યક્તિઓ પોતાની સાક્ષી મારફતે ઘણાંને ન્યાયીપણામાં દોરનાર બને. પજ્યલા ગામના અભિષેકને પ્રભુ માનસિક બિમારીથી સાજાપણું આપે માટે પ્રાર્થના કરશો.

૨ હિમાચલ પ્રદેશ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૩૭૨

૪ સેવાક્ષેત્રોમાં યુથ કેમ્પનું આયોજન કરી શક્યા. આપણા દેશમાં ચાલી રહેલા વર્તમાન મહામારીને ધ્યાનમાં લઈને ૬ ક્ષેત્રોમાં ઉપવાસ સાથે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. ૨૦ પરિવારોએ ખ્રિસ્તમાં નવુ જીવન પ્રાપ્ત કર્યું. ૨૫ લોકોએ ખ્રિસ્તમાં પોતાના નવા વિશ્વાસની કબૂલાત કરી, ૪૨ ગામોમાં શોધક સભાનું આયોજન કરવા દ્વારા ઘણાં લોકોને સુવાર્તા આપી શક્યા છે પ્રભુની સ્તુતિ થાઓ.

લોકડાઉનના કારણે જેઓએ પોતાની નોકરી, વ્યવસ્થા ગુમાવ્યા છે તેમના જીવનોને પ્રભુ પુનઃસ્થાપિત કરે માટે પ્રાર્થના કરશો. ૪૦ લોકો પોતાના વિશ્વાસની કબૂલાતને માટે તૈયાર છે. અકસ્માતને કારણે મદનલાલને ગળાના ભાગે ફેક્ચર થયું છે પ્રભુ તેમને સંપૂર્ણ સાજાપણું આપે.

૩ પંજાબ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૩૮૧

મનદીપ સિંહએ પ્રભુનો સ્વીકાર કર્યો અને દારૂ પીવાનું છોડી દીધું જેથી તેમનું આખુ કુટુંબ ખ્રિસ્તના તારણના અનુભવમાં આવ્યું. ૯૦ લોકોએ ખ્રિસ્તમાં પોતાના નવા વિશ્વાસની કબૂલાત કરી. સેવાકાર્ય શરૂ કરવા માટે સર્વે દ્વારા ૫ નવા ગામો પસંદ કરવામાં આવ્યા. પ્રભુની સ્તુતિ થાઓ.

પરમજીત કૌર જે છેલ્લા ૫ વર્ષથી અશુદ્ધ આત્માના બંધનમાં છે પ્રભુ તેને છૂટકારો આપે. શોધક સભા મારફતે ૧૫ પરિવારો સાચા ઈશ્વરને ઓળખે અને ઈશ્વરના વચનમાં દ્રઢ થાય. મહામારીને કારણે પઠાણકોટ તાલીમ કેન્દ્ર ખાતે નવા સેવકો માટે થનાર તાલીમ હવે ઓનલાઈન કરવામાં આવશે.

૪ ઉત્તરાખંડ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૭૧

સુવાર્તા સાંભળવા ઓઉન ગામના લોકો ઉત્સુક છે. ૧૬ લોકોએ ખ્રિસ્તમાં પોતાના નવા વિશ્વાસની કબૂલાત કરી. શોધક સભા મારફતે નવા ૨૧૦ લોકોએ સુવાર્તા સાંભળી. મોટીચુર અને પ્રતીત નગરના વિશ્વાસીઓ પોતાના આત્મિક જીવનમાં વૃદ્ધિ પામી રહ્યા છે પ્રભુની સ્તુતિ થાઓ.

બહહાંબાદ ખાતે નવું સેવાક્ષેત્ર શરૂ કરવાના પ્રયત્નને પ્રભુ આશીર્વાદિત કરે. દોઈવાલા ક્ષેત્રની સેવાઓ ફળદાયી બની રહે. વિશ્વાસી શંકરના જવાથી તેમનું કુટુંબ દુઃખી છે પરિવારને પ્રભુ દિલાસો પૂરો પાડે માટે પ્રાર્થના કરશો.

૫ હરિયાણા — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૨

બામીનીખેરા વિસ્તારમાં બે જગ્યાએ બાઈબલ અભ્યાસ જૂથ શરૂ કરવામાં આવ્યા છે. ૩૦ લોકોએ ખ્રિસ્તમાં પોતાના નવા વિશ્વાસની કબૂલાત કરી છે. સેવા કાર્યની શરૂઆત કરવા ૫ નવા ગામોની પસંદગી કરવામાં આવી છે પ્રભુની સ્તુતિ થાઓ.

૧૫ વિશ્વાસીઓ પોતાના નવા વિશ્વાસની કબૂલાતને માટે તૈયારી કરી રહ્યા છે. જેઓ હોસ્પિટલ અને ઘરે કોવિડ - ૧૯ની સારવાર લઈ રહ્યા છે તેમને પ્રભુ સાજાપણું આપે અને આ મહામારીથી પ્રભુ તેમના પરિવારોની રક્ષા કરે માટે પ્રાર્થના કરશો. ખ્રિસ્તને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કરનાર ૨૦ નવા વિશ્વાસીઓ ઈશ્વરના વચનોમાં દ્રઢ થાય માટે પ્રાર્થના કરશો.

૬ દિલ્હી

પ્રભુએ ઉત્તર ભારતના મિશન આગેવાન રેવ. આનંદસિંઘ અને રેવ. એલેક્સ મોરિસને કોવિડ -૧૯માંથી સાજા કર્યા. માધણપુર ખાદરના વિશ્વાસીઓ ઓનલાઈન ભક્તિસભા દ્વારા આરાધના કરે છે. આપણી રાષ્ટ્રીય રાજધાની દિલ્હી માટે પ્રાર્થના સાંકળનું આયોજન કરી શક્યા છે પ્રભુની સ્તુતિ થાઓ.

અમારા સ્ટાફ ભાઈ આશિષ થોમસ હૃદયની સમસ્યાને કારણે તેઓ સદાકાળના વિસામામાં પ્રવેશ પામ્યા છે, તેમના પત્ની અને બે બાળકોને પ્રભુ દિલાસો આપે માટે પ્રાર્થના કરશો. તબીબી વિભાગ, આરોગ્ય કાર્યકર્તા અને પોલીસ વિભાગ ઈશ્વરની કૃપાથી સુરક્ષિત થઈ શકે માટે પ્રાર્થના કરશો.

૭ રાજસ્થાન — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૯૩૩

ભૂરાલાલ અને ઈન્દ્રાબેનના કુટુંબમાં પ્રભુએ બાળકનું દાન આપ્યું. અશુધ્ધ આત્માના બંધનથી રામચંદ્રને છૂટકારો મળ્યો. મરણ પથારીએ પડેલા હન્નાતાવાડને પ્રભુએ નવુ જીવન આપ્યું પ્રભુની સ્તુતિ થાઓ.

સિલાસ ચૌહાણ જેઓ પ્રભુના વિસામામાં ચાલ્યા ગયા છે ત્યારે પ્રભુ તેમના કુટુંબની તથા રાજસ્થાનની સેવાઓને તેમની પ્રેમભરી સંભાળમાં ટકાવી રાખે. ટીડોરા વિસ્તારમાં જે પરિવારો દારૂના વ્યસનમાં ફસાયા છે તેમને પ્રભુ છૂટકારો આપે માટે પ્રાર્થના કરશો.

૮ ઉત્તરપ્રદેશ : લખનૌપ્રાંત — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૬૨૫

કાલુઆ નજીક ફતેપુરા વિસ્તારમાં સુવાર્તાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. સેવક રામ દુણારે અને બબલુ દ્વારા વિશ્વાસની કબૂલાતની સભાનું આયોજન કરવામાં આવ્યું જે દ્વારા ૧૦ લોકોએ પોતાના વિશ્વાસની કબૂલાત કરી પ્રભુની સ્તુતિ થાઓ.

અહિરાનપુરા અને નકારા ખાતે સેવા કાર્ય શરૂ કરવાના પ્રયત્નને પ્રભુ આશીર્વાદિત કરે. ગણેશપુરની આરાધનાનો વિરોધ કરી રહેલા લોકોને પ્રભુની ઓળખ થાય. જામુણીયા અને ભાખરી ગામના વિશ્વાસીઓને પ્રભુમંદિરની આવશ્યકતા છે માટે પ્રાર્થના કરશો.

૯ ઉત્તર પ્રદેશ ભોજપુરી પ્રદેશ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૮૧૫

ઓનલાઈન માધ્યમ દ્વારા ૧૩ વિશેષ સભાઓ યોજવામાં આવી તેમાં ૧૩૪ વ્યક્તિઓ પ્રભુના વચનમાં દ્રઢ થયા છે પ્રભુની સ્તુતિ થાઓ. નવા સેવકો મોકલવા માટે સેવાક્ષેત્રના સર્વે દ્વારા ૫૫ નવા ગામોની ઓળખ કરવામાં આવી છે. ૯૮ વ્યક્તિઓ વિશ્વાસ કબૂલાતની સેવા માટે તૈયાર થઈ રહ્યા છે. સેવક ભરતલાલ અને તેમના માતાને ગુમાવનાર નિધિ રામને પ્રભુ દિલાસો આપે માટે પ્રાર્થના કરશો.

૧૦ ઝારખંડ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૭૩૩

સામાજિક દૂરી દ્વારા ઉપવાસ તથા પ્રાર્થના સંગતનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૪૦ વિશ્વાસીઓએ પ્રાર્થના સંગતમાં ભાગ લીધો. ઓનલાઈન દ્વારા ૫૦ નવા એઝરાઓને સેવાકાર્યને માટે તાલીમ આપવામાં આવી પ્રભુની સ્તુતિ થાઓ.

સિલ્ડીલિયા સેવાક્ષેત્રનો ૬ વર્ષનો સકીબ જે બોલી કે સાંભળી નથી શકતો તેને પ્રભુના સ્પર્શની જરૂર છે. બંડતોલાના વિશ્વાસીઓનો વિરોધ કરનાર લોકોનું જીવન પ્રભુ બદલે.

૧૧ પશ્ચિમ બંગાળ - કૂચ બિહાર જિલ્લો — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૨૮

૨૦ વ્યક્તિઓ કદમ્બિનીમાં સામાજિક અંતર સાથે યોજાયેલી શોધકોની સભા દ્વારા સુવાર્તા સાંભળી શક્યા. શિબામ ઓરાઓનનું પરિવાર કાલીમંદિર ક્ષેત્રમાં શાંતિનું પાત્ર બની રહ્યું છે. હિરામુની લકરાનું ઘર સુવાર્તા માટે ખુલ્લુ છે. મહાડો લાઈન અને સલધૂરાના ગામના લોકો સુવાર્તા સ્વીકારી શકે માટે પ્રાર્થના કરશો. કોહિનૂરના વિશ્વાસીઓ આરાધના માટેના પોતાના પ્રયત્નો દ્વારા કાચું પ્રભુમંદિર બનાવી રહ્યા છે તે પૂર્ણ થાય માટે પ્રાર્થના કરશો.

૧૨ પશ્ચિમ બંગાળ - દાર્જિલિંગ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૪૦

બારોગરીયામાં ઈશ્વરની સેવા વૃદ્ધિ પામી રહી છે અને જુઅલ ટિર્કીનું કુટુંબ ખુબ મદદરૂપ બન્યું છે પ્રભુની સ્તુતિ થાઓ. બોમ્બ્રાલાઈન અને સહાબાદમાં વચન માટેના દ્વાર ખુલ્લા થયા, નવા સંપર્કો માટે પ્રભુની સ્તુતિ થાઓ.

ફરાબારીમાં, પ્રભુથી પાછા ફરેલા લોકો ખ્રિસ્તમાં નવું જીવન મેળવે માટે પ્રાર્થના કરશો. પચકગુરીમાં વસેલા રાજબંશી વિશ્વાસીઓને ખ્રિસ્તમાં નવું જીવન મળે માટે પ્રાર્થના કરશો.

૧૩ પશ્ચિમ બંગાળ કોલકાતા પ્રદેશ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૭૧

તાલીમ પૂર્ણ કરનાર ૯ નવા સેવકો જરૂરિયાતમંદ ગામોમાં મોકલવામાં આવ્યા છે. ૫ વ્યક્તિઓએ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી છે. જેકબ ટુડુ અને ઈલિઓ શનીને પ્રભુએ કોવિડ -૧૯માંથી સાજા કર્યા છે.

કાશીપુર ગામના જોસેફ માનસિક બિમારીથી પીડિત છે. બાળક પ્રધાન બિહારને ૫ વર્ષ થયા પણ તેઓ અપંગ અને બોલી શકતા નથી તેમના માટે પ્રાર્થના કરશો. ગોપીનાથપુર અને કુમારપુરમાં ઈશ્વરના વચનને સાંભળનાર લોકો પ્રભુ પર વિશ્વાસ કરે માટે પ્રાર્થના કરશો.

૧૪ સિક્કિમ વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૫૦

સેમડોંગ અને તૂમિન સેવાક્ષેત્રોમાંની ૬ વ્યક્તિઓએ પ્રભુ ઈસુમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી છે. ૬૨૫ વિશ્વાસીઓની સંગતમાં ૩ નવા વ્યક્તિઓ જોડાયા. સામાજિક અંતર સાથે પ્રાર્થના સભાઓ યોજવામાં અને શીસ્તી ખાતે માંદા લોકો માટે પ્રાર્થના કરવા સેવકને પ્રભુએ મદદ કરી.

રિમ્બી પ્રભુમંદિરમાં વિશ્વાસીઓની સંખ્યા વૃધ્ધિ પામે માટે પ્રાર્થના કરશો. પ્રભુ બીખાને - રાયસુમ લીંબુના પરિવારને બાળકની ભેટનો આશીર્વાદ આપે માટે પ્રાર્થના કરશો. અકસ્માત પામેલા દિલા ચરણને પ્રભુ નવું જીવન આપે માટે પ્રાર્થના કરશો.

૧૫ મણિપુર વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૩૯

નવા સેવકને ઉખરૂલ જિલ્લામાં મોકલવા પ્રભુએ અમને મદદ કરી. શોધકોની સભા દ્વારા ૧૯૧૨ વ્યક્તિઓની મુલાકાત કરવામાં આવી પ્રભુની સ્તુતિ થાઓ.

વિશ્વાસ કબૂલાત સેવા માટે ૯૬ વ્યક્તિઓ તૈયાર છે તેઓ પ્રભુના વિશ્વાસમાં વધુ દ્રઢ બને માટે પ્રાર્થના કરશો. તાલીમ કેન્દ્ર માટે યોગ્ય જમીન મળી શકે. કોવિડથી ગામજનોનું પ્રભુ રક્ષણ કરે માટે પ્રાર્થના કરશો.

૧૬ ત્રિપુરા વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૩૬૫

૧૭ વ્યક્તિઓએ પ્રભુમાં તેમનો નવો વિશ્વાસ જાહેર કર્યો છે. કોગ્યા વિસ્તારમાં વિશ્વાસીઓ સામાજિક અંતર સાથે એકઠા થઈ કોવિડની અસર નાશ પામે માટે પ્રાર્થના કરી શક્યા. હીરી ડેબબર્મા મેલીવિદ્યા પર વિશ્વાસ રાખીને જીવતા હતા,સુવાર્તા દ્વારા તેઓને નવું જીવન મળ્યું પ્રભુની સ્તુતિ થાઓ.

સાયકર પરા ખાતે સુવાર્તા સાંભળનારલોકો પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે. ૪ મહિનાથી અશુધ્ધ આત્માથી પીડિત આયેશાને પ્રભુ છૂટકારો આપે માટે પ્રાર્થના કરશો. માનિક ત્રિપુરાના કુટુંબ પ્રભુની શાંતિનો અનુભવ કરે માટે પ્રાર્થના કરશો.

૧૭ આસામ વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૬૩

૪ લોકોએ પ્રભુ ઈસુમાં તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી. કુમારબારી વિશ્વાસીઓની સંગતમાં ૧૦ યુવાનો જોડાયા. સાસલાપરાના લુખિન્દર સિંગડને પ્રભુએ નવું જીવન આપ્યું છે પ્રભુની સ્તુતિ થાઓ.

સોમાજુરીમાં મનોજ રભાને બ્લડ કેન્સર છે તેમના માટે પ્રાર્થના કરશો. મોઈનામાતા અને મકરી ક્ષેત્રોમાં ચાલુ રહેલી શોધકોની સભા ફળદાયી નિવળે.

૧૮ ઓડિશા - હો સાંતલી પ્રદેશ વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૨૨૦

પ્રભુ સત્ય જ્યોતિ બહેનનો ઉપયોગ બિમાર લોકોને મદદરૂપ બનવા માટે કરી રહ્યા છે. કુલબહાલી પ્રભુમંદિરનું બાંધકામ પ્રભુની ઈચ્છા મુજબ આગળ વધી રહ્યું છે. ભદુબેદા અને મગુરમોરામાં વિશ્વાસુઓની સંખ્યા વધી રહી છે.

બોડપૂક્તામાં ઈશ્વરના સુવાર્તાના કાર્યને વિરોધ કરનાર લોકોનું પ્રભુ બદલાણ કરે. કોવિડને કારણે છૂટા પડેલા લોકો અને ટેન્ટમાં રહેલા લોકોને પ્રભુ સાજા કરે.

૧૯ ઓડિશા કંધમાલ જિલ્લો વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૩૬૫

સિપાજેજુ ગામના ૮ વ્યક્તિઓ ખ્રિસ્તના વિશ્વાસમાં મજબૂત બન્યા છે. રાજિકાખોલ ગામથી લલિતા દિગલના પરિવારને ઈશ્વર દ્વારા બાળકની ભેટ મળતા તેઓ વિશ્વાસીઓની સંગતમાં જોડાયા છે પ્રભુની સ્તુતિ થાઓ.

પર્વતીય પ્રદેશમાં રહેતા લોકોને પ્રભુ રોગચાળાથી રક્ષણ આપે માટે પ્રાર્થના કરશો. કાજુરીપાડા અને નુગાઓવ ક્ષેત્રના સેવાકાર્ય માટે ૪૦ સેવકોની જરૂર છે. અબ્રાહમ નાયક લકવાગ્રસ્ત છે તેમને પ્રભુ સાજાપણું આપે.

૨૦ ઓડિશા રાયગડા જિલ્લો વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૨૭૭

અમ્બોકુલા અને પેરપંગામાં બાઈબલ અભ્યાસ જૂથોની રચના કરવામાં આવી છે. ૬ વ્યક્તિઓએ પ્રભુ ઈસુમાં તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી છે. અડામુંડાના ગામજનો ઈશ્વરનું વચન હ્રદયથી સાંભળે છે પ્રભુની સ્તુતિ થાઓ.

જે પરિવારો દૈનિક વેતન માટે કામ કરે છે, તથા નાના ધંધા કરે છે તેઓની આજીવિકા માટે સંઘર્ષ કરવો પડે છે તેમના માટે પ્રાર્થના કરશો. કોવિડ સાથે મેલેરિયા પણ ફેલાય રહ્યો છે, ગામલોકો તે બાબતથી પરેશાન છે માટે પ્રાર્થના કરશો.

૨૧ ઓડિશા - સંબલપુરી પ્રદેશ વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૨૩

માનપુર ગામના વિશ્વાસીઓ માટે પ્રભુની સ્તુતિ થાઓ તેઓ દુઃખ મધ્યે પણ પ્રભુ ઈસુમાં વિશ્વાસ રાખે છે. તલપાડામાં ૨ નવા પરિવારો આરાધના જૂથમાં આવી રહ્યા છે પ્રભુની સ્તુતિ થાઓ.

લાડરપાલી વિસ્તારમાં કરવામાં આવેલ સેવા ફળદાયી બને માટે પ્રાર્થના કરશો. ઉદેપુરમાં કોવિડનો ફેલાવો પ્રભુ દૂર કરે માટે પ્રાર્થના કરશો.

૨૨ છત્તીસગઢ ચંપા પ્રદેશ વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૨૧

સાલિભત પ્રદેશમાં સેવાની વિરુધ કાર્ય કરનાર લોકોના હ્રદયમાં પ્રભુ કાર્ય કરી રહ્યા છે. ૫ વ્યક્તિઓએ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી છે પ્રભુની સ્તુતિ થાઓ.

મુરતીકારા અને કોટ્રીપણીમાં આરાધના જૂથો શરૂ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. રવિશંકરનો અકસ્માત થવાથી તેઓ કોમા છે તેમના માટે પ્રાર્થના કરશો.

૨૩ છત્તીસગઢ રાયપુર પ્રદેશ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૧૨

૨૫ નવા ગામોને તાલીમ પામેલા સેવકો દ્વારા સુવાર્તા મળી રહી છે પ્રભુની સ્તુતિ થાઓ. ૫ વ્યક્તિઓએ તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી છે પ્રભુની સ્તુતિ થાઓ.

અનુરાધા અને રાનીના પરિવારો બાળકની ભેટ માટે પ્રાર્થના કરી રહ્યા છે. લોકડાઉન પછી સેવાનું કાર્ય ચાલુ થાય માટે પ્રાર્થના કરશો. ગિરવાની અને સરસીવામાં પ્રભુમંદિરના નિર્માણ માટે પ્રાર્થના કરશો.

૨૪ મધ્ય પ્રદેશ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૭૫૨

સતીષભાઈનું પરિવાર અશુધ્ધ આત્માના બંધનથી છૂટકારો મળ્યો છે.

સેવક રામકુમારે વિશ્વાસ કબૂલાતની સેવા કરે છે, ૫ વ્યક્તિઓએ પ્રભુ ઈસુમાં નવા વિશ્વાસની કબૂલાત કરી છે.

હઝારી જેઓ માનસિક રીતે અસ્વસ્થ છે તેમને પ્રભુના સ્પર્શની જરૂર છે. સુરજભાઈના પરિવારને પ્રભુ ગરીબીમાંથી છૂટકારો આપે. આગના અકસ્માતથી કમલભાઈના પરિવારનું મકાન ટુટી ગયુ છે પ્રભુ તેઓને નવું ઘર આપે. આરોગ્ય કર્મચારીઓ અને તબીબી વિભાને પ્રભુ રોગચાળાથી બચાવ કરે માટે પ્રાર્થના કરશો.

૨૫ ગુજરાત ડાંગ જિલ્લો — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૨૯૫

કોવિડ-૧૯ માંથી ૮ સેવકોના પરિવારને પ્રભુએ સાજા કર્યા. સમગ્ર ગામ હિંદલામાં વિશ્વાસીઓને પ્રભુએ મૃત્યુના ભયથી છુટકારો આપ્યો.

લોકડાઉન થયા પહેલા શુગર ફેક્ટરીમાં નોકરી માટે ગયેલા ગામલોકોને પ્રભુ સલામત ઘરે પાછા લાવે માટે પ્રાર્થના કરશો. કાકડવીહિર સેવાક્ષેત્રના વિશ્વાસીઓના આત્મિક વિકાસ માટે પ્રાર્થના કરશો.

૨૬ મહારાષ્ટ્ર — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૪૭૧

ખટાડામ્બામાં પ્રભુનું કાર્ય થઈ રહ્યુ છે ગામલોકો આરાધનામાં ભાગ લેવા ઈચ્છા દર્શાવી છે. ૨૫ વ્યક્તિઓએ પ્રભુ ઈસુમાં તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી.

મહામારીના કારણે કુટુંબના સભ્યોએ નોકરી અને આજિવિકા ગુમાવી છે પ્રભુ તેમને સહાય કરે. દેવદાસ કાંબલે જેમનો માર્ગ અકસ્માતમાં હાથ ફેક્ચર થયો છે પ્રભુ તેમને સંપૂર્ણ સાજાપણું આપે માટે પ્રાર્થના કરશો.

૨૭ તેલંગાણા — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૮૨૦

૧૫ વ્યક્તિઓએ પ્રભુ ઈસુમાં તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી છે. સેવાક્ષેત્ર સર્વે દ્વારા ૨૪ નવા ગામોની ઓળખ કરવામાં આવી છે. કોવિડ -૧૯ માંથી ૬ સેવકોને સાજાપણું મળ્યું છે. મમીલાગુડેમ અને ચેન્નામ્પલી ગામો માટે પ્રભુમંદિર માટે જમીન ખરીદવામાં આવી છે પ્રભુની સ્તુતિ થાઓ.

ચારગોંડા મંડળમાં સેવાક્ષેત્ર શરૂ કરવા માટે સેવકોએ ખૂબ મહેનત કરી છે માટે પ્રાર્થના કરશો. ઈનદાનપલ્લીમાં સુવાર્તા આપવામાં આવી છે તે ફળદાયી બને માટે પ્રાર્થના કરશો.

૨૮ આંધ્રપ્રદેશ શ્રીકાકુલમ સૌરા — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૬૩

વાંકાયાલગેદમાં બાઈબલ અભ્યાસ જૂથની શરૂઆત કરવામાં આવી છે. વેનેલાવાલાસામાં પ્રભુમંદિરના સમર્પણ દ્વારા પ્રભુનો મહિમા થયો છે. હાથીઓના હુમલામાં ઘરો ગુમાવનારા ભૂમિકકુડાના ગામજનો માટે ૧૫ મકાનો બનાવવામાં આવ્યા છે.

બટિગુડામાં બાઈબલ અભ્યાસ જૂથ શરૂ કરવાના પ્રયત્નો સફળ થાય માટે પ્રાર્થના કરશો. ૭ ગામોમાં પ્રભુમંદિરનું નિર્માણનું કાર્ય પૂર્ણ થાય માટે પ્રાર્થના કરશો.

૨૯ આંધ્ર પ્રદેશ તેલુગુ પ્રદેશ — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૪૪

૨૮ વ્યક્તિઓ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી છે. જોગીપાડુ અને ચિઆદિમિલી કોલોનીમાં સુવાર્તા પ્રચાર કરવામાં આવ્યો જેમાં ૪૫ વ્યક્તિઓએ પ્રભુના વચન જાણવા રસ બતાવ્યો છે.

ભારે વરસાદને કારણે બંદારાવાણીપેતા આરાધના જૂથને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેઓ જે જગ્યામાં એકત્રિત થતા હતા તેને નુકસાન થયુ છે. મરેડુબાકા વિશ્વાસીઓ માટે પ્રભુમંદિર માટે જમીન ખરીદવાની જરૂર છે.

૩૦ કર્ણાટક — વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે - ૧૯૧

મુથગેરે ગામના ગંગાધરને દારૂના વ્યસનથી છૂટકારો મળ્યો છે. ૧૧ વ્યક્તિઓએ પ્રભુ ઈસુમાં તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી છે. બુલ્લાપુરામાં રાધાનું પરિવાર સેવાની વિરુધ્ધ કાર્ય કરતા હતા સુવાર્તા દ્વારા તેમનું હૃદય પરિવર્તન થયું છે પ્રભુની સ્તુતિ થાઓ.

રાજેશ્વર ક્ષેત્રે જેઓ વિરોધ કરી રહ્યા છે તેઓના હૃદયમાં પ્રભુ કાર્ય કરે. રમણજીભાઈ લકવાગ્રસ્ત છે તેમને યોગ્ય સારવાર મળી રહે માટે પ્રાર્થના કરશો. એવુલન્ના પ્રભુમંદિરનું બાંધકામ ટૂંક સમયમાં પૂર્ણ થાય માટે પ્રાર્થના કરશો.

સ્ટેટ કોઑર્ડિનેટર તરફથી

સવારે અજવાળુ થતા પહેલા ઘણાં વહેલા ઊઠીને ઈસુ બહાર ગયા; અને ઉજજડ જગ્યાએ જઈને ત્યાં પ્રાર્થના કરી. માર્ક ૧:૩૫.

ખ્રિસ્તમાં વહાલા ભાઈઓ અને બહેનો, ઉદ્ધારક પ્રભુ ઈસુના મુલ્યવાન નામમાં પ્રેમી સલામ. મહાન ઈશ્વરે મહામારીના સમયમાં દર્શાવેલી કૃપા, ભલાઈને માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ. તેમની દોરવણી અને સામર્થ્યથી સેવાકાર્ય થઈ રહ્યું છે.

આપની મુલ્યવાન પ્રાર્થના, ઉદાર દાનો અને સેવાકાર્યમાં આપની મદદ માટે અમે આપ સર્વનો અંત:કરણથી આભાર માનીએ છીએ.

"શું તમે જાણો છો પ્રાર્થનાનું રહસ્ય શું છે? અને તે એ છે એંકાતમાં પ્રાર્થના : લિયોનાર્ડ રેવનહિલ. પ્રભુ ઈસુ પ્રાર્થના સંબંધી બોલ્યા છે તેના કરતાં તેમની પ્રાર્થના સંબંધી ચાર સુવાર્તામાં વધુ ઉલ્લેખ કરવામાં આવ્યો છે." તે દિવસોમાં તે ઘરેથી નીકળીને પહાડ પર પ્રાર્થના કરવા ગયા અને તેમણે ઈશ્વરની પ્રાર્થનામાં આખી રાત કાઢી. લૂક ૬:૧૨. પ્રભુ ઈસુનું પ્રાર્થનામય જીવન આપણને પ્રાર્થના માટે ઉત્તેજન આપે છે. શબ્દોથી અન્યને પ્રભાવિત કરવા કે દેખાવ કરવાના ઉદ્દેશથી થયેલી પ્રાર્થનાનો ઉત્તર મળતો નથી. કારણ કે તે માણસોનું ધ્યાન ખેંચવા માટે પ્રાર્થના કરવામાં આવી છે. ઈશ્વરની સાથે એંકાતમાં કરેલી પ્રાર્થના અને ઈશ્વરને પ્રસન્ના કરનારું પ્રાર્થનામય જીવન ઘણી અસર ઉપજાવે છે.રી દ્રહીંઈ્રૈહ્ણ ઝરૈંજ્ઈ્હ(પ્રાર્થના પરાયણ ખ્રિસ્તી) પુસ્તક આલ્બર્ટ અર્નેષ્ટ રીચાર્ડસન દ્વારા લખવામાં આવ્યું છે. રેવ ડૉ. જોન વિલબર ચેપમેન (૧૮૫૯-૧૯૧૮) જેઓ સુવાર્તિક, પાસ્ટર અને આત્મિક જાગૃતિમાં ઈશ્વરે તેમનો ઉપયોગ કર્યો હતો. તેમણે તેમના પત્રમાં પ્રખર પ્રાર્થનાવાદી જોન હાઈડ સાથેનો અનુભવ જણાવે છે. "હાઈડ હું ઈચ્છું છું કે તમે મારી સાથે પ્રાર્થના કરો, જોન હાઈડ મારા રૂમમાં આવ્યા, તેમણે દરવાજો બંધ કર્યો. તેઓ ઘૂંટણે પડ્યા અને પાંચ મિનિટ સુધી તેમણે એકપણ અક્ષર ઉચ્ચાર્યા નહિ. હું મારા હૃદયનો ઉછળાટ અને ધબકારા સ્પષ્ટ સાંભળી શક્તો હતો. મારી આંખો માંથી ગરમ આંસુ મારા ચહેરા પર વહી રહ્યા હતા. હું ઈશ્વરની સાથે છું તેનો અનુભવ થઈ રહ્યો હતો. જોન હાઈડે, ઊંચા કરેલા પોતાના મસ્તકને નમાવ્યું અને તેમની આંખમાંથી આંસુ વહી રહ્યા હતા. તેમણે કહ્યું ઓ પ્રભુ, ત્યાર પછી તેઓ પાંચ મિનિટ શાંત થઈ ગયા. જ્યારે તેમણે અનુભવ્યું કે તેઓ પ્રભુ સાથે વાત કરી રહ્યા છે ત્યારે જોન હાઈડ હૃદયના ઊંડાણમાંથી ખોવાયેલા આત્મા માટે વિનંતી કરવા લાગ્યા. મેં અગાઉ કદી આ પ્રકારની પ્રાર્થના સાંભળી ન હતી. હું મારા ઘૂંટણો ઉપરથી ઊભો થયો ત્યારે મને સમજાયું કે ખરેખર પ્રાર્થના કોને કહેવાય."

ડૉ. ચેપમેન કહેતા હતા કે હું , જોન હાઈડના જીવનમાંથી પ્રાર્થનામય અને પવિત્ર જીવન સંબંધી જાણી શક્યા હતા. પ્રભુ ઈસુ મારા માટે પ્રાર્થનામાં નવા આર્દશ બન્યા અને તેમના જેવું પ્રાર્થનામય જીવનની હું ઝંખના રાખતો હતો. - આલ્બર્ટ અર્નેષ્ટ રિચાર્ડસન. પ્રભુના સેવક લિયોનાર્ડ રેવનહિલ કહે છે, "પ્રાર્થના કરવાનું શિખવા માટે આપણે પ્રાર્થના કરવી જોઈએ."

આપણે કોરોનાની મહામારીમાંથી પસાર થઈ રહ્યા છે. ઘણાં પ્રાર્થના મિત્રો, સેવામાં મદદરૂપ બનનાર સેવકો અને સેવાક્ષેત્રમાં વિશ્વાસીઓ કોરોનાના વાયરસની બિમારીનો સામનો કર્યો છે. ઘણાંના સ્વજનો પ્રભુમાં ઊંઘી ગયા છે. આ પરિસ્થિતિમાં ઈશ્વરપિતા દિલાસો આપે અને જેઓ સારવાર લઈ રહ્યા છે, તેઓને પ્રભુ સાજાપણું આપે તેવી અંત:કરણની પ્રાર્થના.

૨૨ નવા એઝરાને તાલિમ આપવામાં આવી હતી, જૂન માસથી સેવાક્ષેત્રોમાં તેઓ કાર્ય કરશે. તેઓની સેવા માટે પ્રાર્થના કરશો ૧૭૬ સેવકો ગુજરાતના ૭૯૯ ગામોમાં સેવાકાર્ય કરી રહ્યા છે. નાસમાં જતા આત્માઓનો બચાવ થાય અને ૩૨૬ આરાધના સંગતમાં ભાગ લેનારા વિશ્વાસીઓ શિષ્યપણામાં વૃદ્ધિ પામે માટે પ્રાર્થના કરશો. ૧૦ પ્રભુમંદિરનું બાંધકામ કોઈપણ અવરોધ વગર પૂર્ણ થાય માટે પ્રાર્થના કરશો.

ઈશ્વરપિતા આપ સર્વને આશિષ આપો.

તેમણે મોટે અવાજે તથા આંસુસહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા, અને તેમણે ઈશ્વરનો ડર રાખ્યો, માટે તેમની પ્રાર્થના સાંભળવામાં આવી. હિબ્રુઓને પત્ર ૫:૭

પ્રભુમાં ભાઈ,
રાજેશભાઈ. જે મેકવાન

અમદાવાદ

પૂર્ણ સમયના સેવકોને મેડિકલ કેર મારફતે તમારે મદદરૂપ બનવું છે? તો આ તક છે આપના માટે!

વિશ્વવાણી સેવા કાર્યમાં પૂર્ણ સમય સેવકો અને હવે પછી જેઓ પૂર્ણ સમય માટે સેવામાં જોડાનાર છે તેઓ સ્થાનિક સેવકો છે. સેવકો પોતાના રાજ્યમાં પોતાની જાતિ અને પોતાના લોકો મધ્યે ભાષાના અથવા સંસ્કૃતિના કોઈ પણ અવરોધ વગર સેવા કાર્ય કરી રહ્યા છે. ૪૧ પૂર્ણ સમયના સેવકો સાથે વર્ષ ૧૯૮૭માં વિશ્વવાણી સેવા સંસ્થાની નોંધણી કરવામાં આવી હતી. આજે ભારતના ગામોને સુવાર્તા થકી આશીર્વાદીત કરવા કુલ ૪૨૧૫ પૂર્ણ સમય સેવકો છે.

ફસલના ધણી જે અમે માંગીએ કે કલ્પીએ તે કરતાં અમારે સારું અધિક કરી રહ્યા છે. તેમનું સામર્થ્ય અમારી મારફતે કાર્ય કરી રહ્યું છે.વિશ્વવાણીને સુવાર્તા પ્રચારના કાર્યની સાથે સાથે પ્રભુ ચમત્કારીક રીતે અનુરૂપ એવા માળખાનું નિર્માણ કરવાની તકો પૂરી પાડે છે.

સામાજિક વિકાસ લક્ષી યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારના ખુબ જ જરૂરિયાતમંદ લોકોને પોતાની આજીવિકા મળી રહે અને તેમની પ્રગતિ થાય માટે તેમને શિક્ષણ, આરોગ્યલક્ષી સેવાઓ અને પીવાનું સ્વચ્છ અને ચોખ્ખુ પાણી મળી રહે એવી વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

અમે પ્રાર્થનામાં પ્રભુની દોરવણી અને ચર્ચા કરતાં જાણી શક્યા છે કે ગ્રામીણ વિસ્તારમાં સેવા આપનાર અમારા સેવકો અને તેમના પરિવારોને તબીબી સેવાઓની ખાસ જરૂર પડે છે. આ સંદર્ભે અમે દિર્ઘ દ્રષ્ટિ સાથે એટલે લાંબા સમય માટેની યોજના બનાવી છે કે જેથી કરીને સેવા ક્ષેત્રોમાં સેવા કરનાર સેવકનું મરણ થાય તો તેમના પરિવારને નાણાંકીય ટેકો આપી શકાય. આ બાબતનું ધ્યાન રાખતા આવનાર સમયમાં સેવા ક્ષેત્રોમાં ૨૦,૦૦૦ સેવકો જોડાનાર છે તેમના માટે અમે સ્ટાફના કલ્યાણ માટેની સંસ્થાની રચના વિશ્વવાણી બોર્ડની સંમતિ સાથે સરકારી દફતરે "સોસાયટી ફોર કેર એન્ડ નિડી" નામ સાથે નોંધણી કરાવી છે.

આ ખાસ પ્રકારનો વિભાગ સેવાક્ષેત્રમાં સેવા આપી રહેલા સેવકોને તેમની કટોકટી પરિસ્થિતિમાં જેમ કે અણધારી આફત, અકસ્માત અથવા માંદગીમાં તેમને મદદ મળી રહે માટે ખુબ જહેમત ઊઠાવી રહ્યા છે.

અમારા અસરગ્રસ્ત એવા સ્ટાફના પરિવાર માટે મદદરૂપ બનવા કૃપા કરી તમારા ઉદાર હાથો લંબાવીને તમે દાન આપી શકો છો.

અમે નમ્ર વિનંતી કરીએ છીએ કે નીચે આપેલા બેંક એકાઉન્ટ દ્વારા આપનું દાન મોકલી શકો છો અને રસીદ મેળવી લેશો.

A/C Name: **SOCIETY FOR CARE AND NEEDY**
Bank: **STATE BANK OF INDIA**
A/C No.: **40170 153 077**
IFSC Code: **SBIN0017247**

Branch: **Korattur, Chennai**
Branch Code: **17247**

Please update us with your transaction detail
to acknowledge with receipt ✆ 9 444 455 646

RNI REGD.NO.AP GUJ/2000/1544 POSTAL REGD.NO. HQ/SD/313/2021-2023 - GUJARATI / DATE OF PUBLICATION **23.05.2021**

LICENSED TO POST WITHOUT PREPAYMENT - PMG/TS/HQR/SC-02/WPP/2021-2023

હે પૃથ્વીના છેડા સુધીના સર્વ લોકો,મારી તરફ ફરો, ને તારણ પામો;
કેમકે હું દેવ છું, ને બીજો કોઈ નથી.
મેં મારા પોતાના સમ ખાધા છે,
ફરે નહિ એવું ન્યાયી વચન મારા મુખમાંથી નીકળ્યું છે કે,
મારી આગળ સર્વ લોકો ઘૂંટણે પડશે, ને સર્વ જીભ સમ ખાશે. યશાયા ૪૫:૨૨-૨૩

તેઓએ પ્રભુ ઈસુની તરફ જોયું અને તેઓનો બચાવ થયો...

TAIPOO - 7, WEST BENGAL - 04.04.21

VENNELAVALASA, A.P - 05.04.21

NERUDUVALASA COLONY, A.P - 04.04.21

CHINAGEESADA, A.P - 18.04.21

BHOGPUR PUNJAB - 25 04 21

VISHWA VANI SAMARPAN - GUJARATI LANGUAGE
Printed and Published by P. Selvaraj on behalf of VISHWA VANI, a registered society (Regn. No.17871 of 1987) and printed at CAXTON Offset Pvt. Ltd., 11-5-416/3, Red Hills, HYD-04. and published at 1-10-28/247, Anandapuram, ECIL Post, HYD-62. **POSTING DATE: 26.05.2021**. EDITOR: P. SELVARAJ.